# પ્રેરણા વિદ્યાલયમાં ફિલાટેલિક વર્કશૉપ



પોસ્ટલ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ફિલાટેલિક ડે નિમિત્તે સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓના લાભાર્થે જાણીતા ફિલાટેલિસ્ટ કાંતિભાઈ શર્માએ ફિલાટેલિક વર્કશૉપ યોજ્યો હતો. કાંતિભાઈ અને સ્કૂલના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા ભારતીય ટપાલ ટિકિટ અને તે માટેના શોખ અંગે વિદ્યાર્થીઓ સાથે વિગતે વાત કરવામાં આવી હતી. 'કિંગ ઑફ હૉબી' ગણાતી ફિલાટેલીમાં ભાગ લેવા તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ પણ કર્યો હતો.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજીના ડિગ્રી અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે

# 'લર્ન ટુડે, લીડ ટુમોરો' સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના ડિગ્રી અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે પોતાનામાં રહેલાં કૌશલ્યોને ઓળખી અને બહાર લાવવાની તક ઉપલબ્ધ કરાવવા 'લર્ન ટુડે, લીડ ટુમોરો' થીમ પર ગાંધીનગરના ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર અને સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી પ્રિયેશ સોલંકી દ્વારા વક્તવ્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રિયેશ સોલંકીએ પોતાની લાઈફનું ઉદાહરણ આપી પોતાના અનુભવોના નિચોડ સ્વરૂપે વિદ્યાર્થીઓને જિંદગી જીવવાની અને માણવાની અલગ-અલગ ટીપ્સ આપી હતી. આજના યુવા વિદ્યાર્થીઓને માનસિક સ્ટ્રેસ આપતા પ્રશ્નો જેવા કે પરીક્ષામાં જવાબો કેવી રીતે લખવા, યોગ્ય કારકિર્દીની પસંદગી, નક્કી કરેલા ધ્યેયની પ્રાપ્તિ કેવી રીતે કરવી વગેરે જેવા પ્રશ્નોનું નિરાકરણ માટે પ્રિયેશે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે મેડિટેશન, કસરત, જ્ઞાન સાથે ગમ્મત, વડીલો-ગુરુજનોને માન-સ્વમાન વગેરેની ટીપ્સ આપી હતી. જો વિદ્યાર્થીઓ આ ટીપ્સ મુજબ કામ કરે તો તેઓ પોતાનાં કૌશલ્યો ખૂબ જ સાહજિકતાથી બહાર લાવી શકે એવી ખાતરી તેમણે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડિરેક્ટર રવિકુમારે કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થીઓ, સ્ટાફમિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



મીત
જિજ્ઞેશભાઈ રાજ્યગુરુ
મો. ૭૯૯૦૦ ૫૧૯૩૧



એ જી વ્હોરા
મો. ૯૮૭૯૦ ૧૯૫૬૩

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# લીહોડા વિદ્યામંદિરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૬

જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર આયોજિત ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અન્વયે યોજાયેલા કલા ઉત્સવ ૨૦૧૯ અંતર્ગત જિલ્લાકક્ષાની વકતૃત્વ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં શ્રી ગાયત્રી વિદ્યામંદિર, લીહોડાની વિદ્યાર્થિની કોમલબેન એ ઝાલાએ દહેગામ તાલુકાનું પ્રતિનિધિત્વ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવાર તરફથી કોમલબેન ઝાલાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ અન્ન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લાના મોટી આદરજ ગામ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા વિશ્વ અન્ન દિવસ ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવેલ. સયુંકત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા દર વર્ષે ૧૬ ઓક્ટોબર વિશ્વ અન્ન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્રના નિષ્ણાત દ્વારા ઉપસ્થિત ખેડૂત ભાઈઓ બહેનોને અન્ન ક્ષેત્રે હાંસલ કરેલી સિધ્ધિઓ અને તેમાં રહેલા ખેડૂતોના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. વધુમાં જણાવવામાં આવેલ કે તેલીબીયા




પાકોમાં વિદેશથી આયાત ઘટાડવા માટે ખેડૂતોએ વાવેતર વિસ્તાર અને ગુણવત્તા યુક્ત ઉત્પાદન વધારવાની જરૂરિયાત છે. મહિલાઓ ઘર આંગણે કિચન ગાર્ડનીંગ દ્વારા સીઝનલ રાસાયણિક દવા ખાતર વગરના જૈવિક શાકભાજીઓ અને ફળોનું વાવેતર કરી પરિવારનું સ્વાસ્થ્ય જાળવી અને નાણાની બચત પણ કરી શકે છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ખેડૂતોને અનાજ સંગ્રહ અને તેની જાળવણી પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# મોખાસણ ખાતે યોજાઈ વ્યસનમુક્તિની શિબિર



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મોખાસણ ખાતે ત્રિદિવસીય વ્યસનમુક્તિ શિબિર, રેલી અને સંસ્કાર શિબિર યોજાઈ હતી.

માનવ સેવા અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદ બહેનોને કલોલ ખાતે ૫૫ નંગ સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્ય સ્વામીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે નિર્વ્યસની મનુષ્ય જ પોતાના જીવનમાં ઊંચાં શિખરો સર કરી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

# ફિઝિયોથેરાપી કૉલેજ ખાતે વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ




ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી રેડ ક્રોસ ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સી એમ પટેલ કૉલેજ ઑફ ફિઝીયોથેરાપી ખાતે થૅલેસેમિયા ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૯૭ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ અને ૫૭ વિદ્યાર્થિનીઓના હીપેટાઈટીસ અંગેના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.




જિલ્લા શાખાના હિતેષભાઈ રાવલ, અશ્વિનભાઈ દવે, જે એન પરીખ, જીલુભા ધાંધલ, સ્ટેટ ટીમના ડૉ. કિરણભાઈ ગમારા, ભરતભાઈ શ્રીમાળીની ટીમ આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વાઈતિયાનંદે, મયુરભાઈ સોલંકી અને ટીમ દ્વારા સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

# શુક્રવારે અમદાવાદ ખાતે 'પ્રણયોત્સવ'નું વિમોચન

ગાંધીનગર, તા. ૧૬

પ્રવેગ કૉમ્યુનિકેશન દ્વારા ૧૮મી ઑક્ટોબર ને શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સાહિત્યકાર સતીશ વ્યાસ અને કવિ ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના વરદ હસ્તે યુવા ગઝલકાર પારસ પટેલના ગઝલસંગ્રહ 'પ્રણયોત્સવ'નું વિમોચન થનાર છે. આ વિમોચન કાર્યક્રમ નિમિત્તે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. કવિ ભાગ્યેશ જહા પ્રાસંગિક વક્તવ્ય આપશે અને સાહિત્યકારી સતીશ વ્યાસ ગઝલસંગ્રહને આવકાર આપી મનનીય વક્તવ્ય આપશે. વિમોચન બાદ કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' પ્રસન્નતા વ્યક્ત કરશે. ત્યારબાદ કવિ પારસ પટેલ પોતાની કેફિયત રજૂ કરશે.

કવિ સંમેલનમાં કવિ રાજેશ વ્યાસ'મિસ્કીન', ભાગ્યેશ જહા, મનીષ પાઠક 'શ્વેત', હરદ્વાર ગોસ્વામી, કૃષ્ણ દવે, અનિલ ચાવડા, પ્રાર્થના જહા અને પારસ પટેલ પોતાની સ્વરચિત કવિતાનો પાઠ કરશે. કાર્યક્મનું સંચાલન હરદ્વાર ગોસ્વામી કરશે.આ પ્રસંગે કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# સ્વર ધડકન મ્યુઝિકલ ગૃપ દ્વારા શનિવારે સંગીત દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ઈતીહાસમાં બબ્બે વર્લ્ડ રેકોર્ડ જીતેલ સ્વર ધડકન મ્યુજીકલ ગ્રુપ, તારીખ ૧૯મી ને શનીવારના રોજ વર્લ્ડ સીંગીગ ડે નીમિત્તે સફળતાપૂર્વક પુરા કરેલ પહેલા વરસની ઉજવણી કરી રહ્યું છે. આ એક વરસમાં આ ગ્રુપે અલગ અલગ પ્રોગ્રામ આપી ગાંધીનગરની જનતાને મનોરંજન પુરુ પાડેલ છે.

હેત ફાઉન્ડેશનના પ્રમુખ અને સ્વર ધડકન મ્યુજીકલ ગ્રુપના ફાઉન્ડર સંજય તન્ના જણાવે છે કે આ કાર્યક્રમમાં સ્વર ધડકન મ્યુજીકલ ગ્રુપના ગાયકો સુંદર મજાના લોકપ્રિય ગીતો ગાઈ ગાંધીનગરની જનતાને મનોરંજન પુરુ પડી સફળતાથી પુરા કરેલ પહેલા વરસની ઉજવણી કરશે. આ કાર્યક્રમમાં નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરેલ ૧૧ વરસની ગાંધીનગરની દીકરી પ્રાપ્તિ મહેતાનુ સન્માન કરવામા આવશે.


સૌ સંગીતપ્રેમીઓનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ માણવા તેમણે સંસ્થા વતી ઈજન પાઠવ્યું છે. આ કાર્યક્રમ ગાંધીનગરની જનતા માટે નિઃશુલ્ક યોજવામાં આવ્યો છે.

# પંચતંત્ર, હિતોપદેશ અને ઈસપની બોધકથાઓનું કથા-ગીત સ્વરૂપ




આજના સમયમાં બાળ સાહિત્યનું લેખન અને પ્રકાશન એક મોટો પડકાર બની રહ્યું છે. આજનાં ભૂલકાઓ અને કિશોરોની બુદ્ધિ પ્રતિભાને ઓળખીને લખવાનું કાર્ય કઠિન છે. બાળકોની ભાષા અને વૈચારિક પરિપક્વતા કેટલી બધી ઊંચી છે ! બાળકોની તીવ્ર બુદ્ધિ પ્રતિભા, સામાન્ય જ્ઞાન, નવી ટૅકનોલૉજીનું સેવન અને તેમનો ઊંચો બુદ્ધિઆંક આશ્ચર્ય પમાડે તેવો થઈ ગયો છે. તેમની તર્કશક્તિ ખૂબ વિકસી છે. 'ગૂગલબાબા'ને કારણે તેમની પાસે માહિતીનો ભંડાર છે. આવા સમયમાં કંઈક નવીનતાસભર હશે તો જ બાળક વાંચવા પ્રેરાશે. તેમાં નવા મૌલિક પ્રયોગોને ઘણો અવકાશ રહેલો છે. તેવા સમયે જૂની વાતોને નવી રીતે રજૂ કરવામાં આવે તે જરૂરથી ગમે. આવા જ એક પુસ્તકની વાત આજે કરવી છે.

રે.....! (બાળકાવ્ય સંગ્રહ)ના રચયિતા કવિ રવજી ગાબાણી તેમના ૩૧ પાનાંના સંગ્રહમાં ૧૧ કથા-ગીતો પ્રસ્તુત કરી આપણી બહુ જ જાણીતી વાર્તાઓને નવીન રીતે મૂકી નવી દિશા ખોલવાનો ઉત્તમ પ્રયાસ કરે છે.




'પંચતંત્ર', 'હિતોપદેશ' અને 'ઈસપની બોધકથાઓ' પેઢી દર પેઢી આપણને સાંભળતા આવ્યા છીએ. તેમ છતાં આ વાર્તાઓમાં રહેલા રસત્ત્વએ કાયમ માટે પોતાનું આગવું આકર્ષણ જાળવી રાખ્યું છે. કવિ પોતાના નિવેદનમાં જણાવે છે કે પંચતંત્રની વાર્તાઓને ગીત રૂપે ઢાળી પુસ્તક દેહ આપવાનું મનોમન નક્કી કર્યું હતું. આ વાર્તાઓનો લય-ઢાળ કેવો પસંદ કરીએ તો સૌને ગમે ? એ વિચાર પછી નક્કી કર્યું કે કવિશ્રી રમણલાલ સોનીની કવિતા 'રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી...'નો ઢાળ પસંદ કરીએ તો ગાતાં આવડતું હોય કે ન હોય, બધાં જ ગાઈ શકે. કેમ કે આ ઢાળ રમતિયાળ અને મસ્તીભર્યો છે. એમ 'રે....!'ની આ ૧૧ વાર્તાઓ એની શૈલી અને લય-લઢણના કારણે સૌનાં હૃદય સુધી પહોંચશે.

'રે....!'માં રણઝણતાં કથા-ગીતો શિર્ષકથી પ્રસ્તાવના મળે છે જે વરિષ્ઠ બાળ સાહિત્યકાર કવિ કરસનદાસ લુહારે લખી છે. સંગ્રહના પ્રથમ કથા-ગીત 'સસારાણા શાણા રે'નો પ્રારંભ કંઈક આ રીતે થાય છે.

જંગલની આ વાત મોટી
સુણો તો સુણાવું રે !
સિંહને માટે રોજ એકે
ભોજન થઈને જાવું રે !

ગીત આગળ વધતાં ક્રમશઃ બાળકની જિજ્ઞાસાવૃત્તિને સતેજ કરતું જાય છે. સસલું સિંહને ચતુરાઈપૂર્વક કૂવામાં નાખી પોતાના વિજયને આમ વધાવે છે -

સસલું આવ્યું છાતી કાઢતું
સઘળાં પ્રાણી પાસે રે !
બુદ્ધિબળથી કામ કીધું
નાનકડા આ દાસે રે !

ચતુર વાંદરો કાળજું ખાવા તૈયાર થયેલા કપટી મગરને મૂરખ બનાવી પોતાનો જીવ બચાવે છે. પંચતંત્રની બહુ જાણીતી આ વાર્તા કવિ કથા-ગીતમાં કુનેહપૂર્વક મૂકે છે.

જ્યારે કાચબા અને સસલાની પ્રસિદ્ધ વાર્તાનો ઉપાડ કથા-ગીતમાં લીન કરવા પૂરતો છે. શિયાળના લખાણથી ફુલાતો કાગડો અને તેની અંતિમ પંક્તિ ભારે ગમ્મત કરાવે છે. બ્રાહ્મણ અને રાક્ષસીની ઓછી જાણીતી વાર્તા કે કીડી અને કબૂતરની રૂપાળી દોસ્તીની વાર્તાની સુંદર અભિવ્યક્તિ કવિના કવિ-કર્મની ઊંચાઈ દર્શાવે છે. 'અટકચાળો ઉંદર', 'ચતુર કાગડો' અને શિયાળના શાણપણથી બળદનો થતો બચાવ આ સઘળી ઘટનાઓને કથા-ગીત રૂપમાં મૂકી સંગ્રહને માણવાલાયક બનાવ્યો છે. કથા-ગીતો સાથે આપેલાં ચિત્રો આંખોને અને અંતરને આનંદ આપનારાં અને વાર્તાને અનુરૂપ છે તે જમા પાસું ગણી શકાય.

જેની એક આંખમાં ઈશુ અને બીજી આંખમાં શિશુ હોય એ જ શિશુકાવ્યનું સર્જન કરી શકે. કવિ રવજી ગાબાણીએ આ સંગ્રહમાં બાળકોના વિસ્યમનું માત્ર બરાબર સંરક્ષણ જ નહીં, પરંતુ સંવર્ધન પણ કર્યું છે.

સંવેદનશીલ સર્જક રવજી ગાબાણીનો પરિચય આપતાં મનહર રવૈયા સાચું જ કહે છે કે 'એકવાર મળ્યા પછી વારંવાર મળવાનું મન થાય એવું નિરાળું વ્યક્તિત્વ. સામેનાને ધૈર્યથી સાંભળવાની અનન્ય ખૂબી, આત્મીય લાગે તેવો ચહેરો અને સદાબહાર સાચકલું સ્મિત એમની આગવી વિશેષતા છે. વલ્લભીપુર તાલુકાના અંતરિયાળ ગામ પીપરિયામાં જન્મેલા રવજીભાઈ એટલે સર્જકોનો હોંકારો ! આ શિક્ષણપ્રેમી સરકારી અધિકારીની કલમે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનું ખેડાણ થયું છે.'બાળકને બે ટંક ભોજન સાથે બેટંક વિચાર આપવાનો પ્રયાસ' કરતા એમના 'બાળવિચાર' નામના બાળ સામાયિક પર ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો રીતસર ઓવારી ગયા છે. વળી નવોદિત સર્જકોની સાહિત્યપ્રતિભાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ એટલે એમણે સ્થાપેલી 'સૌરાષ્ટ્ર સાહિત્ય મંચ' નામની સંસ્થા. નવોદિત લેખકો-કવિઓને પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય પૂરી પાડતી આ સંસ્થાના તેઓ સ્થાપક અને અધ્યક્ષ છે. ગુજરાતી બાળ સાહિત્યક્ષેત્રે અપાતો ગુજરાતનો સૌથી મોટો રૂા. ૨૧ હજારનો રોકડ પુરસ્કાર 'અંજુ-નરસી પારિતોષિક' પણ તેમણે માતા-પિતાના નામે દર બે વર્ષે આપવાની શરૂઆત કરી છે. તેમનો 'રે....!' નામનો કથા-ગીત સંગ્રહ ગુજરાતી બાળ સાહિત્યમાં નવતર પ્રયોગ છે. જેની વેચાણ કિંમત પોતાના ગુરુ દ્વારા શરૂ કરાયેલ શૈક્ષણિક સંસ્થાને આપવાની એમની જાહેરાત ગુરુદક્ષિણાની આપણી પરંપરાને નવા રૂપે મૂકી આપે છે. તે જ રીતે 'હિમોફિલિયા' રોગગ્રસ્ત બાળકોની પીડાથી વ્યથિત થઈ બાળ સાહિત્યનાં બે પુસ્તકો 'ફૂલની ફોરમ' કાવ્યસંગ્રહ અને 'ઝાડની જીવાદોરી : જીવાદાદા વાર્તાસંગ્રહ'ની પાંચ હજાર પ્રતો પ્રગટ કરી વેચાણની રકમ ફંડમાં આવી સેવાકીય કાર્ય કરેલ છે તેવા લેખક સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર ખાતે ઉચ્ચ અધિકારી તરીકે સેવાઓ આપે છે. તેમને અભિનંદન સહ પુસ્તકને આવકારું છું.

રે.....! (બાળ કાવ્યસંગ્રહ)
લેખક : રવજી ગાબાણી
પ્રકાશક : અંજુ-નરસી પ્રકાશન, બોટાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬, કિંમત : રૂા. ૬૦/-